# અટલબિહારી બાજપાઈના જન્મ દિવસે શ્રમિકોને સહાય જાહેર કરાશે : આનંદીબેન પટેલ

(સમીર બલોચ / જીતુ પટેલ ધ્વારા) મોડાસા, તા.૧૮

આજરોજ કૃષિ મહોત્સવ અર્તગત અરવલ્લી જિલ્લાના આંગણે ગુજરાત રાજયના પ્રથમ મહિલા મુખ્યમંત્રી આનંદીબેન પટેલ પધાર્યા હતા. ત્યારે આજે મુખ્યમંત્રી આનંદીબેન પટેલ ધ્વારા અરવલ્લી જિલ્લા માં ૫૦૦ કરોડ ઉપરાંતની યોજનાઓનુ ડીઝીટલ લોકાર્પણ અને ખાતમુહુર્ત કરવામાં આવ્યુ હતું.

કૃષિ મહોત્સવ અર્તગત આજે મહિલા મુખ્યમંત્રી આનંદીબેન પટેલ અરવલ્લી જિલ્લાના આંગણે પ્રથમવાર પધાર્યા હતા. ત્યારે અરવલ્લી જિલ્લા પ્રશાસન ધ્વારા મુખ્યમંત્રી આનંદીબેન પટેલનુ ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યુ હતુ. મુખ્યમંત્રી આનંદીબેન પટેલ ધ્વારા અરવલ્લી જિલ્લાના પ્રથમ રર્બન ટાઉન ભીલોડાને વાઈફાઈ કરાયુ હતુ અને સાથે સાથે જેમ થોડા દિવસો અગાઉ જિલ્લા કલેકટર બી. જે. ભટ્ટે મોડાસાવાસીઓને સરપ્રાઈઝ આપવાની વાત કરી હતી તે અર્તગત મોડાસા નગરને પણ વાઈફાઈ જાહેર કરવામાં આવ્યુ હતુ. જયારે મુખ્યમંત્રી ધ્વારા મોડાસા તાલુકામાં દુધ સંજીવની યોજનાનો પણ પ્રારંભ કરાવ્યો હતો.

આજે અરવલ્લી જીલ્લામાં મુખ્યમંત્રી આનંદીબેન પટેલ ધ્વારા ૪૦૫.૬૯ કરોડના ખર્ચે બનેલ નર્મદા મુખ્ય નહેરની સાંકળ ૧૫૩.૨૫ કીમી.થી ઉદવહન કરી વાત્રક અને માઝુમ અને મેશ્વો જળાશય ભરવા માટેની યોજનાનુ ડીઝીટલ લોકાર્પણ કરવામાં આવ્યુ હતુ તેમજ સાયબર કીટલી તેમજ મોડાસા રૂરલ પોલીસ સ્ટશેનનુ પણ ડીઝીટલ લોકાર્પણ કરવામાં આવ્યુ હતું. જયારે સ્માર્ટ સરપંચોનુ સન્માન અને સ્માર્ટ ગ્રામ પંચાયતો અંગેનુ પુસ્તક વિમોચન કરવામાં આવ્યુ હતુ.

જયારે ૫૦૦ જેટલા ઈકો ફેન્ડલી ટોઈલેટનુ લોકાર્પણ કરવામાં આવ્યુ હતુ. જયારે મુખ્યમંત્રીએ અટલ બિહારી બાજપાઈના જન્મ દિવસે શ્રમીકોને સહાય જાહેર કરવામાં આવશે તેવી પણ જાહેરાત કરવામાં આવી હતી. ગઈકાલે ચોટીલા ખાતે ખેડુત ધ્વારા કપાસના ભાવ મુદ્દે આત્મ વિલોપન કર્યુ હતુ તે અંગે પણ દુખ વ્યકત કરી તેના પરિવારજનોને ઈશ્વર સહન શક્તિ આપે તવી લાગણી વ્યકત કરી હતી.

જયારે આ પ્રસંગે અરવલ્લી જિલ્લા કલેકટર બી. જે. ભટ્ટ ધ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે જિલ્લા ભાજપ પ્રમુખ ભરતસિંહ રહેવર, પ્રભારી હર્ષદગીરી ગોસ્વામી, નગરપાલિકા પ્રમુખ એસ.આર. પટેલ, બાયડ, નગરપાલિકા પ્રમુખ શકુન્તલાબેન તેમજ જિલ્લામાંથી મોટી સંખ્યામાં ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો ઉમટી પડયા હતા.






# મોડાસામાં ૫૦૦ ઈકો ફેન્ડલી ટોઈલેટનું મુખ્યમંત્રીના હાથે લોકાર્પણ

## રાજયમાં બીજા જિલ્લાઓમાં પણ આવા ઈકોફેન્ડલી ટોયલેટ બનાવાશે : આનંદીબેન પટેલ

**(સમીર બલોચ / જીતુ પટેલ ધ્વારા) મોડાસા, તા.૧૮**

મોડાસા નગરને સ્વચ્છ બનાવવા અને જાહેરમાં શૌચક્રીયાની બદીને અટકાવવા માટે મોડાસા પાલિકા ધ્વારા ૫૩૦ સાદા શૌચાલયો અને સાથે લો ડેન્સીટી વાળા ૫૦૦ ઈકો ફ્રેન્ડલી ટોયલેટ તૈયાર કરવાનો પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે.

નગરને ગંદકી મુક્ત કરવા માટે શૌભાલય વિહોણા પરિવારોને જરૂરી શૌચાલયો માટે હાથ ધરાયેલ અભિયાન હેઠળ વર્ષ ૨૦૧૩ -૧૪માં ૫૬૧ અને વર્ષ ૨૦૧૪ -૧૫માં ૧૧૩૯ પરિવારોને શૌચલયો પુરા પાડવાના લક્ષાંક સામે પ્રતિ શૌચાલયે રૂ. ૮૦૦૦ લેખે રૂ. ૧.૩૬ કરોડની ગ્રાન્ટ પાલિકાને ફાળવવામાં આવતા ૬૦૦ સાદા શૌચાલયનુ કામ પુર્ણ કરવામાં આવ્યુ છે.

કલેકટર બી. જે. ભટ્ટની સુચના બાદ નગરપાલિકાના પ્રમુખ એસ. આર. પટેલ, ચીફ ઓફીસર એલ. બી. દેસાઈ અને એન્જીનીયર દેવાંગ સોની ધ્વારા નગરમાં નવીન પ્રકારના લો ડેન્સીટીવાળા ઈકો ફ્રેન્ડલી ટોયલેટનો પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો હતો. જે પ્રોજેક્ટમાં પ્રતી ટોયલેટ રૂ. ૧૪ ૯૦૦ લેખે કુલ ૬૦૦ ટોયલેટ ઉભા કરવામાં આવ્યા છે.

સ્વર્ણીમ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ તૈયાર થતા ખાસ પ્રકારના લોકાર્પણ આજે મુખ્યમંત્રી આનંદીબહેન પટેલની હાજરીમાં આજે યોજાયું હતું. આ પ્રોજેક્ટ માટે કુલ ૪૧.૪૦ લાખની ગ્રાન્ટ મંજુર કરવામાં આવી હતી.






કપાસના ટેકાના ભાવ મુદ્દે અને ગત વર્ષે જાહેર કરેલી ૨૨ કરોડની પાક નિષ્ફળ સહાય મુદ્દે

# કોગ્રેસ અને ખેડુતો દ્વારા મોડાસામાં મુખ્યમંત્રીના કાર્યક્રમનો કાળા વાવટા ફરકાવી ઉગ્ર વિરોધ

(સમીર બલોચ / જીતુ પટેલ ધ્વારા)મોડાસા, તા.૧૮

આજ રોજ કૃષિ મહોત્સવ અર્તગત અરવલ્લી જિલ્લાના આંગણે ગુજરાત રાજયના પ્રથમ મહિલા મુખ્યમંત્રી આનંદીબેન પટેલ પધાર્યા હતા. ત્યારે આજે રાજયમાં ખેડુતોને કપાસ ના પોષણક્ષમ ભાવ મુદ્દે તેમજ ગત વર્ષે અરવલ્લી જિલ્લામાં જાહરે કરેલ પાક નિષ્ફળની ૨૨ કરોડની સહાય હજુ સુધી ના મળતાં ગઈકાલે અરવલ્લી અને સા.કા જિલ્લા કોગ્રેસ અને ભારતીય કિસાન સંઘ ધ્વારા મુખ્યમંત્રી આનંદીબેન પટેલના કાર્યક્રમનો વિરોધ કરવાની ચીમકી ઉચ્ચારી હતી. જેને લઈને અરવલ્લી જિલ્લા પોલીસ બેડામાં ગઈકાલ રાત્રીથી જ દોડધામ મચી ગઈ હતી.

ત્યારે આજે વહેલી સવારથી ગણેશપુરા હજીરા ખાતે આ આંદોલનને અસફળ બનાવવા માટે પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. ત્યારે કોગ્રેસના કાર્યકરોની ગણેશપુરા ખાતે રાજય સરકાર અને પ્રધાનમંત્રી મોદી વિરૂધ્ધ સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા અને પોલીસ ધ્વારા ૫૫ જેટલા કોગ્રેસ કાર્યકરોની ધરપકડ કરવામાં આવી હતી. જયારે આ ધરપકડ વખતે કોગ્રેસી કાર્યકરોને ટીંગાટોળી કરી પોલીસવાન સુધી લઈ જવા પડે તેવી પરીસ્થીતી સર્જાઈ હતી.

જયારે બીજી બાજુ કીસાન સંઘ ધ્વારા કોર કમિટીની રાજય સરકાર જોડે વાટાઘાટો ચાલુ હોઈ આજના આંદોલનને મોકુફ રાખવાની જાહેરાત કરાતાં એક સમયે કિસાન સંઘ અને ખેડુતો સામ સામે આવી ગયા હતા. જયારે કિસાન સંઘે પોતાનુ આંદોલન સમેટી લેતા ખેડુતો કિસાન સંઘ ઉપર રોષે ભરાયા હતા.

જયારે ખેડુતો ધ્વારા ઉગ્ર વિરોધ ચાલુ કરાતા પોલીસે દોડાવી દોડાવીને ખેડુતોને ડબામાં પુરી ધરપકડ કરવામાં આવી હતી. જયારે થોડાક સમય માટે કિસાનો અને પોલીસ વચ્ચે ધમાચકડી સર્જાઈ હતી અને ખેડુતો સામે હડવો લાઠી ચાર્જ કરવો પડે તવી સ્થીતી સર્જાઈ હતી. પરંતુ જીલ્લા પોલીસ વડા મયુરસસિંહ ચાવડાની સમય સુચકતા ને લઈને કોઈ અરનીછનીય ઘટના ઘટી નહોતી અને ૨૫ જેટલા ખેડુતોની ધરપકડ કરવામાં આવી હતી અને મુખ્યમંત્રીનો કાર્યક્રમ પુર્ણ થયા બાદ છોડી મુકવામાં આવ્યા હતા.






# પાંથાવાડા પાસે જીપ અને રીક્ષા વચ્ચે અકસ્માત થતા મહિલાનું મોત

દાંતીવાડા, તા. ૧૮

પાંથાવાડા નજીક આવેલ ધાનીયાવાડા ગામમાં રહીને ગામના મંદિરમાં પૂજા કરી પોતાનું ગુજરાન ચલાવતા પતિ-પત્ની સામે જાણે કુદરત રૂઠ્યો હોય તેવા દશ્યો સર્જાયા હતા. માર્ગ અકસ્માતમાં પત્નીએ જીવ ગુમાવ્યો ને પતિને બેભાન અવસ્થામાં હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. ઘટનાને પગલે એકત્રિત થયેલા લોકો આ બધુ જોઈ ઘેરા શોકની લાગણીઓમાં ડુબ્યા હોય તેવી પરિસ્થિઓ સર્જાઈ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર દાંતીવાડા તાલુકાના ધાનીયાવાડા ગામમાંથી આવતીરીક્ષા નં. જીજે-૮-વાય-૯૭૦ ને પાંથાવાડા તરફથી આવતી જીપનં. આર.જે. ૧૬-ટી-૯૪૭ ના ચાલકે જોરદાર ટક્કર મારતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. આથી અકસ્માતમાં રીક્ષામાં બેઠેલા મૂળ વતન જેતાવાડા હાલ રહે. ધાનીયાવાડા રહેતા મંજુલાબેન મહીપતભાઈ વોરાનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતું.જ્યારે મૃતક મહિલાના પતી મહેપતભાઈ ભીખાભાઈ વોરા અને રીક્ષા ચાલક દાતાભાઈ ઠાકોરને પણ ગંભીર ઈજાઓ થવા પામી હતી. અકસ્માત થતા એકત્રિત થયેલાલોકો દ્વારા ૧૦૮ ઈમરજન્સી સેવાને બોલાવી ઘાયલોને પાંથાવાડા હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. આ સમગ્ર ઘટનાને પગલે પરિવાર સહિત હાજર તમામ લોકોમાં ઘેરા શોકની લાગણી જોવા મળી હતી.


(તસવીર : પ્રવિણ પટેલ, દાંતીવાડા)

## વ્હોરા સમાજનું ગૌરવ



સાબરકાંઠાના હિંમતનગર ખાતેની મદ્રેસા હાઈસ્કૂલના આચાર્ય ઝેહુર અહેમદ વલીમોહમદ મુતવલ્લીના પુત્ર મો. ઈસરાર ઝેહુર અહેમદ મુતવલ્લીએ તાજેતરમાં આઈઆઈઆઈઈ ખાતે બીએસસીમાં ૮૨.૮૦ ગુણ મેળવ્યા હતા અને સમગ્ર વ્હોરા ફેડરેશનમાંપ્રથમ સ્થાન પ્રાપ્ત કરી સમાજનુંગૌરવ વધાર્યુંછે. પરિણામે ઉના ખાતે સિલ્વર મેડલથી સન્માન કરવામાં આવ્યું હતું.

## મદ્રેસા હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ ઝળક્યા

હિંમતનગરની મદ્રેસા હાઈસ્કૂલનું તાજેતરમાં લેવાયેલ ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહ સેમ.૧નું ૯૦.૨૯ ટકા અને ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહ સેમ.૩ નું ૯૫.૩૭ ટકા પરિણામ આવ્યું હતું. તાજેતરમાં લેવાયેલી ધો. ૧૧ વિજ્ઞાન પ્રવાહ અને ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં શાળાના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી શાળાનું ગૌરવ વધાર્યું હતુ. શાળાનાવિદ્યાર્થી આરોડીયા મો. ભાઈ હિફઝરભાઈએ સેમે.-૧ ૯૯.૫૮ પર્સન્ટાઈલ રેંક મેળવ્યો હતો. જ્યો રૂઝદા પટવાએ સેમે.-૩માં ૯૬.૬૮ પર્સન્ટાઈલ રેંક પ્રાપ્ત કર્યો હતો. શાળા અને સમાજનું ગૌરવ વધારવા બદલ બન્ને વિદ્યાર્થીઓને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.



# તલોદ ખાતે યોજાનાર કૃષિ મેળાનો કોંગ્રેસ દ્વારા વિરોધ પ્રદર્શન કરાશે

પ્રાંતિજ-તલોદમાં યોજાનાર કૃષિ મહોત્સવ સામે પ્રાંતિજ તલોદ કોંગ્રેસ સમિતિ દ્વારા વિરોધ પ્રદર્શન કરવા કાર્યકરો તલોદ મામલતદારને આવેદનપત્ર આપશે. તલોદ ખાતે આગામી તા. ૨૦મી ડિસે.ના રોજ રાજ્ય સરકાર દ્વારા કૃષિ મહોત્સવ યોજાશે. જેના પગલે કોંગ્રેસ સમિતિ દ્વારા જુદી જુદી જગ્યાએ જુદી જુદી રીતે વિરોધ પ્રદર્શન કરવામાં આવનાર છે. ખેડૂતોને સરકાર તરફથી થતા અન્યાયના વિરોધ કાર્યક્રમ માટે મામલતદારને આવેદનપત્ર આપવામાં આવશે. બાદમાં કોંગ્રેસ કાર્યકરો દ્વારા મગફળી, કપાસ, ડાંગર જેવા વિવિધ પાકોનું દહન કરવામાં આવશે.

# મેઘરજ ખાતે પેન્શનરોનો સન્માન સમારોહ યોજાયો

મેઘરજ, તા. ૧૮

મેઘરજમાં તાલુકા નિવૃત્ત કર્મચારી મંડળની સામાન્ય સભા યોજાઈ હતી. જેમાં ૨૬મો પેન્શન દિવસ ઉજવવામાં આવ્યો હતો. નિવૃત્ત કર્મચારીઓના અવસાન બદલ મૌન રાખી શ્રદ્ધાંજલિ અર્પી હતી.

પેન્શન મડંળના પ્રમુખશ્રી સુરેશભાઈ કટારાએ સ્વાગત પ્રવચન કરેલ હતું. રાજ્ય મહામંડળના શ્રી મણીભાઈ સુથાર, નાથાભાઈ, અરવલ્લી જિલ્લા પ્રમુખ શ્રી ગૌરીશંકર ઉપાધ્યાય, મહામંત્રી શ્રી ડાહ્યાભાઈ પટેલ, ભિલોડા તાલુકાના મંત્રીશ્રી શૈલેષભાઈ પંચાલ હાજર રહ્યા હતા. સ્વાતંત્ર્ય સેનાની શ્રી આનંદીકાકાનું શાલ મોમેન્ટો અને ૭૫ વર્ષ પૂર્ણ કરનારનું પણ સન્માન કરાયું હતું.

અધ્યક્ષસ્થાને શ્રી મણીભાઈ સુથારે પેન્શનરોના લાભો માટે લડત આપવા કટીબદ્ધ થવા જણાવ્યું હતું.રાજ્યના ૪ લાખ પેન્શનરોને ૧૨ વર્ષે કોર્ટ મારફતે ન્યાય મળેલ છે. હજુ ૫ કેસો પડતર છે. તે મેળવીને રહીશુ. પૂર્વ આચાર્ય શ્રી કુબેરભાઈ પટેલ, શ્રી સુરેશભાઈ કટારા, શ્રી નરેન્દ્રભાઈ પંડ્યા શ્રી પ્રવિણભાઈ,શ્રી લાલુભાઈ આંબલીયા, શ્રી નાનજીભાઈ પટેલે કાર્યક્રમ સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી. શ્રી મહેશભાઈ પટેલે આભારવિધિ કરી હતી.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ
● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ
વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું
રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ,
એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮,
કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦